જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૯/૦૯/૨૦૨૫ સોમવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૩૬૭/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૬ કેસ કરી, ૧૯ વ્યક્તિઓને ઝડપી, ૭૨ લીટર દેશી દારૂ, ૧૩૩ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧૦૬૫ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ અને ૦૧ કાર કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૦૧ કેસ કરી ૦૪ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૪,૩૭૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૩૬૮/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૮૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

ચોરીઃ– **સમાચાર યાદી નં. ૧૩૬૯/૨૦૨૫**

સરદારનગરઃ પાર્થકુમાર મહેશભાઈ મકવાણા (ઉ.વ.૩૨)(રહે.સત્યમ ફ્લેટ, મેડાવાળી ચાલી, દશામાના મંદીર પાસે, સરસપુર રોડ રખીયાલ) એ તા.૨૮/૦૯/૨૦૨૫ ના રોજ સરદારનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૩/૦૯/૨૦૨૫ કલાક ૧૨/૩૦ વાગ્યાના સુમારે જે.જે.પાર્ક સોસાયટી સામે એપ્પલ ગ્લોરી ફ્લેટ, બંગ્લા એરીયા કુબેરનગરની બાજુમા આવેલ બંગલા આગળ રોડ ઉપર એકટિવાના આગળના ભાગે મુકેલ બોરો કે જેમાં અલગ–અલગ પાર્સલમાં એપ્પલ કંપનીના આઇફોન"૧૫" મોબાઇલ ફોન નંગ–૨ કુલ કિમત રૂપિયા ૯૨,૦૦૦/–, આઇક્યુ કંપનીનો ઝેડ"૧૦" મોબાઇલ ફોન કિમત રૂપિયા ૧૦,૦૦૦/– તેમજ અલગ–અલગ પાર્સલ નંગ–૧૭ જેમા મોબાઇલની એસેસરીઝ અને અન્ય પાર્સલો મળી કિમત રૂપિયા ૧૦,૩૩૨/– સાથે તમામ પાર્સલો કુલ કિમત રૂપિયા ૧,૧૨,૩૩૨/– મતાના અજાણી વ્યક્તિ ચોરી કરી લઇ ગઇ હતી. આ ગુનાની તપાસ હે.કો.શ્રી ધર્મેન્દ્રસિંહ ચલાવે છે.

આત્મહત્યાઃ– **સમાચાર યાદી નં. ૧૩૭૦/૨૦૨૫**

નિકોલઃ જયાબહેન વા/ઓ હરીશભાઈ ચાવડા (ઉ.વ.૪૫)(રહે.આમ્રપણ આવાસ દાસ્તાન સર્કલ કઠવાડા) એ અગમ્ય કારણસર તા.૨૮/૦૯/૨૦૨૫ બપોરના ૧૨/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ઝેરી પ્રવાહી પી લીધું હતું. સારવાર માટે તેમને સિવીલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તેમનું મૃત્યું નિપજ્યું હતું. આ અંગે નિકોલ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એ.કે.પઠાણ ચલાવે છે.

વટવાઃ સીતાબહેન વા/ઓ આદિત્ય ઠાકોર (ઉ.વ.૨૨)(રહે.માંડવી વાળો ઠાકોરવાસ વટવા ગામ) એ અગમ્ય કારણસર તા.૨૭/૦૯/૨૦૨૫ રાતના ૧૦/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ઝેરી પ્રવાહી પી લીધું હતું. સારવાર માટે તેમને એલ.જી.હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૨૮/૦૯/૨૦૨૫ કલાક ૩/૨૪ વાગે તેમનું મૃત્યું નિપજ્યું હતું. આ અંગે વટવા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એચ.પી.પટેલ ચલાવે છે.

નારોલઃ પંકજ ઈશ્વરભાઈ સિરોયા (ઉ.વ.૩૫)(રહે.રબારી વાસ કમોડ ગામ તા.દસક્રોઈ જી.અમદાવાદ) એ બિમારીથી કંટાળી તા.૨૭/૦૯/૨૦૨૫ સવારના ૬/૦૦ થી તા.૨૮/૦૯/૨૦૨૫ સાંજના ૬/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન નારોલ કમોડ રીંગ રોડ બ્રીજ નીચે સાબરમતી નદીમાં ડુબી જઇ આત્મહત્યા કરી હતી. આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી આણંદભા આપાભા ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી